શ્રી

સત્યદેવ પ્રસન્ન

માસે ૧૦૦૦૦ કોપી મફત વ્હેંચાય છે.

નવિન.

પ્રેમ પીંજર

અથવા

ભેદયુકત કહાણી.

લખનાર.

ગોવિંદલાલ બાબાભાઈ ચોકશી. અમદાવાદ.

પ્રસિદ્ધ કર્તા.

શ્રી સાહિત્ય અને એડવર ટાઈઝમેન્ટ ઓફીસ.

નં. ૧૫૧૩ નકલ ૧૦૦૦૦ વૈશાખ ૧૯૫૮

શ્રી "રામકૃષ્ણ" પ્રીન્ટીંગ પ્રેસમાં શા. મગનલાલ હરીભાઈએ છાપ્યું. ઠે. પાંચકુવા દરવાજા—અમદાવાદ.

આવૃત્તિ ૧ લી. ભાગ ૧ લો. મણકો ૧ લો.

મૂલ્ય. અમૂલ્ય.

[illegible]	[illegible]	૧૦	સો.	સુ૧	૯	બુ.	સુ૧	૮	શુ.	સુ૧	૭	શ.	સુ૧	૮	સો.	સુ૧	૭
સો.	૨	૧૧	મં.	૨	૧૦	ગુ.	૨	૯	શ.	૨	૮	ર.	૨	૯	મં.	૨	૮
મં.	૩	૧૨	બુ.	૩	૧૧	શુ.	૩	૧૦	ર.	૩	૯	સો.	૨	૧૦	બુ.	૩	૯
બુ.	૪	૧૩	ગુ.	૪	૧૨	શ.	૪	૧૧	સો.	૪	૧૦	મં.	૩	૧૧	ગુ.	૪	૧૦
ગુ.	૫	૧૪	શુ.	૫	૧૩	ર.	૫	૧૨	મં.	૫	૧૧	બુ.	૪	૧૨	શુ.	૫	૧૧
શુ.	૬	૧૫	શ.	૫	૧૪	સો.	૬	૧૩	બુ.	૬	૧૨	ગુ.	૫	૧૩	શ.	૬	૧૨
શ.	૭	૧૬	ર.	૬	૧૫	મં.	૭	૧૪	ગુ.	૭	૧૩	શુ.	૬	૧૪	ર.	૭	૧૩
ર.	૮	૧૭	સો.	૭	૧૬	બુ.	૮	૧૫	શુ.	૮	૧૪	શ.	૭	૧૫	સો.	૮	૧૪
સો.	૯	૧૮	મં.	૮	૧૭	ગુ.	૯	૧૬	શ.	૯	૧૫	ર.	૮	૧૬	મં.	૯	૧૫
મં.	૧૦	૧૯	બુ.	૯	૧૮	શુ.	૯	૧૭	ર.	૧૦	૧૬	સો.	૯	૧૭	બુ.	૧૦	૧૬
બુ.	૧૧	૨૦	ગુ.	૧૦	૧૯	શ.	૧૦	૧૮	સો.	૧૧	૧૭	મં.	૧૧	૧૮	ગુ.	૧૧	૧૭
ગુ.	૧૨	૨૧	શુ.	૧૧	૨૦	ર	૧૨	૧૯	મં.	૧૨	૧૮	બુ.	૧૨	૧૯	શુ.	૧૨	૧૮
શુ.	૧૩	૨૨	શ.	૧૨	૨૧	સો.	૧૩	૨૦	બુ.	૧૩	૧૯	ગુ.	૧૩	૨૦	શ.	૧૪	૧૯
શ.	૧૪	૨૩	ર.	૧૩	૨૨	મં.	૧૪	૨૧	ગુ.	૧૪	૨૦	શુ.	૧૪	૨૧	ર.	૧૫	૨૦
ર.	૧૫	૨૪	સો.	૧૪	૨૩	બુ.	૧૫	૨૨	શુ.	૧૫	૨૧	શ.	૧૫	૨૨	સો.	વ૧	૨૧
સો.	વ૧	૨૫	મં.	૧૫	૨૪	ગુ.	વ૧	૨૩	શ.	વ૧	૨૨	ર.	વ૧	૨૩	મં.	૨	૨૨
મં.	૨	૨૬	બુ.	વ૧	૨૫	શુ.	૨	૨૪	ર.	૩	૨૩	સો.	૨	૨૪	બુ.	૩	૨૩
બુ.	૩	૨૭	ગુ.	૨	૨૬	શ.	૩	૨૫	સો.	૪	૨૪	મં.	૩	૨૫	ગુ.	૪	૨૪
ગુ.	૪	૨૮	શુ.	૩	૨૭	ર.	૪	૨૬	મં.	૫	૨૫	બુ.	૪	૨૬	શુ.	૫	૨૫
શુ.	૫	૨૯	શ.	૫	૨૮	સો.	૫	૨૭	બુ.	૬	૨૬	ગુ.	૫	૨૭	શ.	૬	૨૬
શ.	૬	૩૦	ર.	૬	૨૯	મં.	૬	૨૮	ગુ.	૭	૨૭	શુ.	૬	૨૮	ર.	૭	૨૭
ર.	૭	૧	સો.	૭	૩૦	બુ.	૭	૨૯	શુ.	૮	૨૮	શ.	૭	૨૯	સો.	૮	૨૮
સો.	૮	૨	મં.	૮	૩૧	ગુ.	૯	૩૦	શ.	૯	૧	ર.	૮	૩૦	મં.	૯	૨૯
મં.	૯	૩	બુ.	૯	૧	શુ.	૧૦	૩૧	ર.	૧૦	૨	સો.	૯	૩૧	બુ.	૧૦	૩૦
બુ.	૧૧	૪	ગુ.	૧૦	૨	શ.	૧૧	૧	સો.	૧૧	૩	મં.	૧૦	૧	ગુ.	૧૧	૧
ગુ.	૧૨	૫	શુ.	૧૧	૩	ર.	૧૨	૨	મં.	૧૨	૪	બુ.	૧૧	૨	શુ.	૧૨	૨
શુ.	૧૩	૬	શ.	૧૨	૪	સો.	૧૩	૩	બુ.	૧૩	૫	ગુ.	૧૨	૩	શ.	૧૩	[illegible]
શ.	૧૪	૭	ર.	૧૩	૫	મં.	૧૩	૪	ગુ.	૧૪	૬	શુ.	૧૩	૪	ર.	૧૩	[illegible]
ર.	૩૦	૮	સો.	૧૪	૬	બુ.	૧૪	૫	શુ.	૩૦	૭	શ.	૧૪	૫	સો.	૧૪	[illegible]
			મં.	૩૦	૭	ગુ.	૩૦	૬				ર.	૩૦	૬	મં.	૩૦	

બસો રૂપૈયામાં
અન્નદાન સાથે
અમર નામ.

દાનવીર સજ્જનો અનાથોની પ્રાણ રક્ષા કરવા
આપના વરદ હસ્તને આ આશ્રમ તરફ લંબાવવા
કૃપા કરશો ! અન્નદાનનું અન્નદાન અને સાથે અમર
નામ ! ! જે દયાળુ દાતા તરફથી એકી વખતે રૂ.
બસો દાનમા મળશે તે રકમ અનામત રાખી તેના
વ્યાજમાંથી દર વર્ષે દાતાની મરજી પ્રમાણે ઠરાવેલા
એક દીવસે આશ્રમના અનાથોને દાતાના સ્મરણમાં
અન્નદાન આપવામાં આવશે. અને તે દાતાના નામની
આરસની તખતી કરાવી ઓફીસમાં ચોઢી અમર
નામ પણ કરવામાં આવશે. શું આવા દાનવીર દા-
તાઓ માત્ર ૩૬૫ નહિ મળે ! જરૂર મળશે. દયા
લાવી લખો:—

મંત્રી—હિંદુ અનાથાશ્રમ.

નડીઆદ.

પ્રસ્તાવના.

આજકાલ દુનીયામાં મનુષ્યો પ્રેમ પ્રેમ, અને પ્રેમજ જોઈ રહ્યા છે અને જેમાં હાસ્ય રસ હોય તેજ લખાણ તેઓ ઘણે ભાગે તો પ્રેમથી વાંચે છે, અને ખરેખર નીતી વચન તો જાણે દુશ્મન હોય નહીં ! તેમજ કેટલોક વાંચક વર્ગ તો વર્તે છે.

અને તેવાજ કારણોના સબબે આ પુસ્તકમાં હાસ્ય રસ સાથે બોધમય વીષય દાખલ કરી દરેકના હૃદય ઉપર નિતિની છાપ પડે અને આનંદ તથા જ્ઞાનની પ્રાપ્તી સાથે વાંચન ઉપર પ્રિયતા ઉપજે એવું કલ્પિત લખાણ આબેહુબ માફક આ નોવેલમાં આપ્યું છે.

કન્યા વિક્રય કરનારને તેના કરેલા કૃત્યના ફળ, અને તેથી થયેલી અધમ વર્તણુકનો ચીતાર. વૃદ્ધવયે પરણવાની ઉમેદ રાખનારનો તીરસ્કાર અને યુવતીનો બોધ. લાયક પાત્રનો સ્વીકાર પ્રેમ જોડું અને પ્રેમ કસોટી. હરામી મનોકામના પુરી પાડવા જતાં કોર્ટથી મળેલો અદલ ન્યાય. ઉધાર લેનાર દેનારની ગેર સમજુતથી અનેલો બાબુના જોગ હેવાલ. અદેખાઈના માઠા પરીણામ. સુધરેલી રીતને અનુસરનાર નિતિવાન ધૈર્યવાન, અને પરોપકારી પ્રેમાળ કુટુંબનો બાળકોને આપેલો યોગ્ય નિતિ બોધ વગેરે વગેરે.

પ્રિય વાંચકો આ નોવેલ મફત વહેંચાય છે છતાં મંગાવનારને પોસ્ટ વીગેરે ખર્ચ માટે ૦-૧-૦ ની ટીકીટ બીડી આપવાથી મોકલવામાં આવશે,

લી. સેવક.

હાથીની પોળ. અમદાવાદ. ગોવિંદલાલ બાલાભાઈ મોદી,

શ્રી

સત્યદેવ પ્રસન્ન.

પ્રેમ પીંજર અથવા ભેદયુક્ત કહાણી.

પ્રકરણ ૧ લું.

યુવતી પાસે અઘટીત માગણી.

દોહરો.

મર્મ વચન મુખથી વદે, પ્રીત કરી પ્રેમાળ;
અંતરથી અંતર ઠરે, કહો તેમાં શી આળ.

જગ જાહેર જાણીતા મુંબાઇ શહેરના સુશોભિત રસ્તા ઉપર એક નવયૌવન બાળા રહેતી હતી, તેણીની ઉંમર લગભગ પંદર વર્ષની જણાતી હતી, તેણીના મુખ ઉપર યૌવન કળાની પાંખડીયો સ્હેજ નીકાળવાથી સ્પષ્ટ ખીલી નીકળેલી જણાતી હતી, છતાં પણ તેણીની મુખ મુદ્રા જોનારને સ્હેજ શોકમય દીસતી હતી, આ યુવતી જે મકાનમાં રહેતી હતી તે મકાન તેણીએ બચપણથી પાળનાર એક વૃધ્ધ ગૃહસ્થનું હતું અને તેણી તેને પિતા તરીકેજ સ્હાતી હતી આ તે પાળક પિતા પોતાની પાંસઠ વર્ષની વૃધ્ધ અવસ્થાએ પોહોંચ્યા છતાં યુક્તિ પ્રયુક્તિ કરી તેણીને પોતાની અર્ધાંગના બનાવવા ચાહતો હતો. આવા અનિતિમય આચરણોથી આ યુવતી હમેશાં ઉદાસ અવસ્થામાં દીલગીર સહ રહેતી હતી. આ બુઢ્ઢો લગભગ આ

વખતે પાંસઠ વર્ષ જેટલી જૈફ અવસ્થાએ પોહોંચ્યો હતો તેના મુખમાં ફક્ત બેજ દાંત હતા તેથી તે અનાજ સરીખુ પણ ચાવીને ખાઇ શકતો નહિં, તેના શરીર ઉપર તદન સફેત વાળ શિવાય કાળો વાળતો જણાતોજ નહોતો જૈફ અવસ્થાના સબબે કરી તેનું શરીર હંમેશાં કાંપતુ હતું, જેથી તે ચાલીને બ્હાર કદી જઇ શકતો નહિં. છતાં પણ આ બુઢ્ઢો ઉમરે પોહોંચ્યાં છતાં તેણીના સાથે નિતિ વિરૂદ્ધ પરણવાની ઇચ્છા હંમેશાં રાખતો, જેથી કરી યુવતી હંમેશાં તેના સહવાસમાં આખો દીવસ શોકાતુર ચેહેરે રહેતી અને સુખે દુઃખે પોતાના દીવસો નિર્ગમન કરતી. આ યુવતીને આ બુઢ્ઢાના સહવાસમાં પૈસા તરફનું સુખતો હતું છતાં પણ હંમેશાં તેણી તેનાથી જુદી થવા માગતી હતી, અને હંમેશાંતે તેનાથી જુદુ થવા કહેતી, જ્યારે આ બુઢ્ઢો તેણીને પોતાની ધણીઆણી તરીકે સ્વીકારવાનું કહેતો જેથી તે યુવની ગભરાઇને બોલી.

હું ત્હમારી સાથે કેટલો વખત આ સ્થીતીમાં રહી શકીશ ?

કેમ ક્યાં જવા ધાર્યું છે?

ક્યાં તે તમો યોગ્ય સ્વામી શોધી પરણાવો ત્યાં બીજે ક્યાં જવા ધારૂ ?

તમારે હવે હંમેશાં મ્હારીજ સાથે રહેવાનું છે કેમકે મેં તમોને મ્હારા ગૃહીણી તરીકે રાખવાજ આ ઉત્તમ ગોઠવણ કરી છે. હવેથી, તમો આ તમામ મિલકતના ખાસ માલીકજ છો છતાં મ્હારાથી જુદા થવા કેમ માગો છો ? શું મ્હારી સાથે રહેતાં તમોને કોઇ દુઃખ ખમવું પડે છે ? "બુઢ્ઢાએ ચોખ્ખુ જણાવ્યું."

હું તમો મ્હારા જેવા કોમળ બાળાના પતિ થવા માગો છો?

ડબલ પેદા કરવા ઇચ્છા છે?

વિચાર હોય તો રોયલ ૧૬ પેજના માપની દર માસે દસ હજાર બુકો મફત વ્હેંચાય છે તેમાં એક પેઇજમાં જાહેરખબર અને એક પેઇજમાં નૉવેલ એ પ્રમાણે ન્હાના મ્હોટા સર્વ વ્હેપારીઓની સગવડને સારૂ બાર માસની ગેરંટીવાળાના એક પેજના .દર માસે રૂ. પાંચ લઇએ છીએ અને તેજ ચાર્જના પ્રમાણમાં ०।, ०॥, ०।।। પેઇજની પણ જાહેર ખબર લઇ શકાય છે—માટે.

સત્ય માર્ગે ચાલી બમણુ કમાવવાના ફાયદા જુઓ!

ધંધો તો એજ કે—સત્યતા અને પ્રમાણીકપણાથી દુર ન હોય!

ધંધો તો એજ કે—લોકો વખોડે તે પ્હેલાં પ્રેમ દ્રષ્ટાએ દર્શિત થાય.

ધંધો તો એજ કે—દુન્યા લાભ મેળવે ને ખાદને દેશવટોજ મળે.

ધંધો તો એજ કે—દુન્યા પેહેલો લાભ મેળવે અને વ્હેપારી પછી મેળવે.

ધંધો તો એજ કે—નિરાશ્રીત ફંડ દર માસે સંકડોના લાભ મેળવી શકે.

ધંધો તો એજ કે—સર્વ કોઈ નેકીથી કમાય કમાય અને કમાયજ.

ધંધો તો એજ કે—જેના આખી દુન્યા એકે અવાજે વખાણ કરે.

પણ એથી બધાને શી રીતે ફાયદો કહેવાય?

જુઓ ત્યારે સાંભળો? દુન્યાને જ્ઞાન સાથે મફત વાંચન મળે, વ્યેપારીઓ પોતાના માલ વ્હોળો ખપાવવા છેવટમાં છેવટ ફક્ત રૂ. ૧૫ માં ૧૨०००० જાહેર ખબરો ०। પેજની એક વર્ષ ફેલાવી શકે, વળી તે બુકો વ્હેંચવાને નિરાશ્રીત ફંડોને આપવાની છે જેથી તેઓ પણ સ્હેલાઇથી તે ન્હાવંલના આધારે દર માસે ઓછામાં ઓછા રૂ. ૨०० મેળવી શકે—અને પગાર જોગે અમે પ્રપ્ત કરીએ—

કહો ત્યારે આ લખણ કેમ ખોટુ કહી શકાશે? વિશેષ ખુલાસા માટે સીનાચા ઉપર જરા નજર કરો.—ડે. રીચીરોડ—અમદાવાદ.

શ્રી [illegible] અને એડવર [illegible] ઓફીસ.

હા ? એમજ છે અને તેથીજ મ્હેં તમોને આઠ વર્ષથી ઘણા દામ ખર્ચી મ્હા મુશીબતે મેળવ્યા છે.

શું હું ત્હમ્હારાજ ઘરમાં જન્મ પામી નથીજ ?

ના ! મ્હેં તમોને મ્હારા ધણીઆણી બનાવવા સારૂ કોઇના હસ્તકથી મેળવ્યાં છે અને હવે હું ત્હમારી સાથે લગ્ન કરવાની તૈયારીમાંજછું. "બુઢ્ઢાએ ચોખ્ખી વાત કહી."

શું હું આ ખચીતજ સાંભળું છું ? કે સ્વપ્ન છે ?

ના તે ખરૂંજ છે. પ્રત્યક્ષ છે. સ્વપ્નતો નથીજ. શું એથી તમો ગભરાઓ છો ? એ વાત ત્હમને રૂચતી નથી આવતી ?" ડોસાએ જણાવ્યું."

ના બુઢ્ઢા પતિનો સ્વિકાર કરવા હું ખુશી નથીજ. હું જેને મ્હારો પ્રેમી ભરથાર તરીકે ચાહું છું તે એકનેજ ચાહું છું અને જેને ચાહું છુ તેમ્હને મળશેજ. પરંતુ તમોમ્હને કેવી રીતે કોઇની પાસેથી મેળવી લાવ્યા છો ?

હા ઘણા પૈસા ખરચી કોઇ એક સખ્સની પાસેથી મેળવી શક્યોછું.

ત્હમને ઘરડાને મરવાને ભોંય શુંઘી રહ્યાના વખતમાં, અરે ! મ્હોમાં આગ મુકવાના સમયમા આ અઘટીત કાર્ય કેમ સુઝયું ? શું અત્યારે ત્હમારે બાળકી સાથે લગ્ન કરી આ ધોળા ખળીઆમાં ધુળ ધાલવા મરજી થઇ આવી છે ? ત્હમે ત્હમારા ક્યા કાળા વિચાર બરલાવવાને મ્હને અહિં રાખી છે ? ત્હમારી આખર વખ્ત આવ્યા છતાં ત્હમો આવાં અધમ કૃત્ય મિથ્યાને વિરોધ કરવા જરી પણ આંચકો ખાતા નથી ? હેવ- ટની અલ્પ જીન્દગી બાકી રહેલી પોતાના મનથી આનંદ રહમ જ- [illegible] અને પોતાનું નામ અમર કરવાની [illegible]

ખોટી રીતે કોમળ બાળાઓનો જન્મ ધુળ ધાણી કરવા પરમાત્માથી પણ જરી ડરખાતા નથી ? પોતાની ખોટી લાલસાઓ પારખાડવા સ્હામાના દુઃખનો જરી પણ ખ્યાલ મગજમાં આણતા નથી ? એવા ત્હમારા જેવા અધમ પુરૂષોને હજારો બલ્કે લખોવાર ધીક્કાર છે. તમો સ્વપ્ને પણ કદી એમ ન સમજતા કે આ તારા પોતાના શરીરના ટુકડે ટુકડા થઇ જાય ત્યાં સુધી પણ ત્હમારી આ માગણી સ્વીકારે ? ખરેખર ત્હમારા જેવા અધમ વિચારના પુરૂષોને પરમાત્મા પૈસા શા માટે આપતા હશે ? શું પૈસાનો ઉપયોગ આવે રસ્તે કરી આનંદ માનવો એજ મહત્વનું કાર્ય કહી શકાશે ? આખરનો વખત જે પરમાત્માના સ્મરણમાં ગાળવાનો છે તે વખતને પણ ત્હમે ત્હમારી આખી જીન્દગી ગાળી એવાજ દુન્યા તુચ્છકારી કાઢે એવા કાર્યોમાં ગાળવા કેમ તત્પર થયા છો ? ખરેખર ત્હમારી વિનાશકાળે વિપરીત બુદ્ધિ કરવાજ ત્હામેઆ પગલું ભર્યું છે ? ત્હમારા જેવા અધમ વિચાર વાળાને અને ત્હમારા જેવા બુઢીઆને ત્યાં કોમળ બાળાઓને વેચી જનારાઓને જીવતાં રો રો કીડા પડશે. અધમ કાર્યથી પૈસો પ્રાપ્ત કરનારને અને અધમ કાર્ય પર આણવાની ઇચ્છા રાખી કોમળવેલાને જડ મુળથી ઉખેડી નાખનારને આ જન્મમાં તો શું આવતા જન્મમાં ત્હેની ઇચ્છા અનુસાર કસાઇપણું પ્રાપ્ત કર્યા વિના રહેશે નહિ. એ હું મ્હારા અંતઃકરણના સાચા ઉદ્ગારજ કહું છું તે ત્હેમને જરૂર જરૂરજ પ્રાપ્ત થશે. તમો એટલું તો ચોકસ યાદ રાખજો કે કરેલા કૃત્યનો બદલો જ્યારે ત્યારે એક વખતતો ત્હમારે લીધા વિના છુટકોજ નથી. માટે આ ત્હમારી ખોટી લાલ-સાને મ્હારા કહ્યું માની દેશવટો દ્યો કે ત્હમારા એવા બધા વખત ન-

મુંબાઇ, સુરત, ભરૂચ, અને વડોદરા માટે આ પુસ્તકના જાહેર ખબરો તથા તેનો ચાર્જ ઉઘરાવવા વિગેરે માટે આબરૂદાર અને પ્રમાણીક એજન્ટો જોઇએ છીએ—તાકીદે લખો.

દરેક ગામથી ૩૦ યોગ્ય મકરયોના નામ કોઇ જણ મોકલશે અને તેનું પોષ્ટ વિગેરે ખર્ચનું જોખમ (વી. પી.) થી સ્વીકારશે તેના દર માસે એક બુકના ૩ આના પ્રમાણે ૩૦ બુકોનું વી. પી. કરવામાં આવશે. પરંતુ તે વેચી શકાશે નહિં, અને નામ પૈકી કોઇને પણ દરમાસે પોહોંચે છે કે નહિં તેની કોઇ પણ વખતે ખાત્રી કરવામાં આવશે. બાર માસના ત્રીસ માણસોના ૬૭-૮-૦ થાય તે અગાઉ મોકલનારને પારસલ ખર્ચ દર માસે ભરવું પડશે નહિ. અને દરમાસે છુટક પૈસા આપનારને મનીઓર્ડર સાથે એક રૂપિઓ ભરવો પડશે આ મેળવેલા નાણામાંથી ૩ નાણાં બચત કરી અનાથાશ્રમ ફંડને અપાશે મફત વ્હેંચવાનું કામ પણ જુન માસથી તેમનેજ સોંપવાનું છે જેથી બુક મેળવનાર ૩ આના પ્રમાણે બુક મફત મળવાથી દયાખાતર અનાથોને જરૂર આપશે પરંતુ તે અગવડ દુર થાય અને વાંચકને પણ નિયમીત ચાલુ લખાણ વિગેરેનો લાભ મળે તે શુભ રસ્તાને લઇનેજ આ યોજના યોગ્ય ધારી છે. તો ખુશી હોય તેમણે ત્રીસ નામ મોકલી ૭ પાઇ જવાબ માટે બીડી લખવું.

ઠી. સાહિત્ય અને એડવર ટાઇઝમેન્ટ ઓફીસે રીચીરોડ—અમદાવાદ

છુટક આવે "યુવતીએ બુઢ્ઢાને ક્રોધમાં જણાવ્યું તમો શા માટે આટલા બધા ક્રોધાયમાન થાઓ છો? હું જે કાંઈ કરૂં છું અને જે કાંઈ કરીશ તે ખરેખર તમારા હિત ખાતરજ કરીશ એ તમારા લાભમાં ખુલ્લી રીતે લાભની વાત છે. તમને તેની શું ખબર પડે? ઘડપણમાં પૈસા ખર્ચી પરણવાનું કારણ આ મ્હારી ભરપુર મિલ્કતનો કોઈ ભોગદાર બાળક નથી, તે મેળવવાની આશાએજ મ્હોટી રકમના બોજામાં ઉતરી આ સુ-શોભિત ભર્યું કાર્ય ઉઠાવવા જરૂર પડી છે." "બુઢ્ઢાએ ધીરજ આપવા કહ્યું."

ભોગવનાર ના હોય તો આ દુન્યામાં ધર્માદા કરો ક્યાં કમી છે? વધારે મિલકત હોય તો એના કોઈ એક ફંડમાં આપો કે, તમારી મુડીથી હજારો છોકરા શિક્ષણ લઈ પોતાની જીંદગી તો શું પણ જેથી કરી તેના આખા કુટુંબનો સારી રીતે નિભાવ કરી શકે. એકજ પુત્રને તમારી મિલકતનો ભાગ આપવા કરતાં ઘરડે ઘડપણ તો હજારોના શિક્ષણ અર્થે પોતાની મિલકત સ્વાધીન કરવી એ હજાર દરજ્જે ઉત્તમજ છે. કેમકે તે પુત્ર તો તમે પરમાત્મા વિરૂદ્ધની મેળવવા ચાહો છો અને નિરાશ્રીત પુનોતો પૈસાના આધાર વિનાના બાળો આ દુન્યા જ્યાં સુધી કાયમ રહેશે ત્યાં સુધી તેઓ તેમ થવાથી તમારૂં નામ સદાને માટે અમરજ કરશે.

એવા છોકરાઓના શિક્ષણમાં પૈસા આપવાથી મ્હારૂં નામ દુન્યામાં કેવી રીતે ચાલી શકે?

દુન્યામાં એકજ છોકરો નામ માત્ર ચલાવે તેના કરતાં હજારો નિરાશ્રીત બાળો તમારા નામના સદાને માટે જય જય કાર વર્તાવે એ શું તમારા એ તુચ્છ વિચારથી હલકું ગણાશે? કદીજ નહિં. તમો ગમે તે ઉપાય કરશો પરંતુ હું કદી તમારી સાથે ગુહાણી

બની રહેવા ખુશી નથી. માટે એ વિચારો ત્હમારા હૃદયમાંથી દૂરજ ફેંકજો અને ત્હમે ત્હમારાજ હાથે મ્હારા અંતઃકરણના પ્રેમી સાથે પરણાવો કે ત્હમારી જોડે રહી વિધવા થવા કરતાં અખંડ સૌભાગ્ય મળે !

વળી તે કોણ છે ? અંતઃકરણનો પ્રેમી કોણ ?

ત્હેમને મ્હેં મ્હારી જીન્દગીમાં એકજ વખત જોયા છે અને ત્હેમની મને મ્હારા હૃદયથી ખાત્રી છે કે તે મ્હને એક વખત મળ્યા છે છતાં કહું છું તે મ્હને જરૂર મળશેજ કેમકે મ્હારો પ્રેમ એજ પ્રેમપીંજરમા પુરાયલો છે.

(આય હાય ? આણે તો કાળમાં કાળુ કર્યું છે કે શું ? શું તે મ્હારા ખર્ચેલા પૈસા ઉપર પાણી ફેરવશે શું તે મ્હારી ધણીઆણી નહિંજ બને ?) અરે તું આ શું બકે છે ? પ્રેમ શુ ? પીંજર શું ? પુરાય શું ! આને તું બોલે છે કે બકે છે મ્હને કાંઇ ત્હમારી બોલવાની સ્હમજ પડતી નથી શું ત્હમે આટલા દીવસ મ્હારી સાથે રહી આવો ગેર ઉપયોગ કીધો ?

ગેર ઉપયોગ શાનો ? ઘરડાને પ્રસન્ન કરી પતિ તરીકેનો સ્વિકાર કરવો એ ઉપયોગ ? અને પ્રેમાળ સરખા પાત્રનો હાથ પકડવો એ શું ગેર ઉપયોગ ? ખરેખર ત્હમારી તો સાઠે બુદ્ધી નાઠી હોય એમ લાગે છે.

ન્હાસે કે રહી જાય પણ હું કહું છું એ જરીએ જરી સાચુ અને બરોબરજ કહું છું માટે ત્હમારે એમજ કરવું પડશે.

કદી નહિં બને ? તેમ કદી કાળે બનવાનું નથી. હું મ્હારી અમુલ્ય જીન્દગી કદી કાળે વ્યર્થ કરનારજ નથી જો તમો નહિં માનો તો મ્હારે તે બાબતને માટે કોઇને જાહેર કરવું પડશે. મરજી

કોઇ પણ માણસ એમ શાબીત કરી આપશે કે
આ ગોળીઓમાં શકિત લાવવાનો ગુણ નથી
તેને રૂપિઆ ૫૦૦ નું ઇનામ આપવામાં આવશે.
તમામ જાતની નબળાઇ દુર કરનારી.

માર્વેલસ ટોનીક પીલ્સ.

આ ગોળીઓ શરીરની તમામ જાતની નબળાઇ દુર કરી મગજને આરામ આપે છે તેમજ શરીર કદાવર જોસ્સાદાર અને પુષ્ટ બનાવે છે ફક્ત એકજ બાટલી વાપરવાથી ખાત્રી થશે. કી. રૂ. ૧—૪—૦ વી. પી. ખર્ચ જુદુ.

ફક્ત એકજ બાટલી વાપરવાથી બીજાને વીસરી જશો.

બાબુનાથ હેયર ઓઇલ (રજીસ્ટર્ડ.)

જેના વપરાશથી મગજની ગરમી દુર કરી બાલનું પોષણ કરે છે તેમજ બાલ સુંવાળા ચકચકીત અને કરચલીદાર બનાવે છે, તેમજ તેની ખુશબો એટલી તો મધુર છે કે તેને ઘણા માણસો અતરના બદલે વાપરે છે. ફક્ત એકજ બાટલી વાપરવાથી ખાત્રી થશે. કી. રૂ. ૧—૦—૦ વી. પી. ખર્ચ જુદુ.

રીચીરોડ. } સોલ એજન્ટ.
અમદાવાદ. } **શ્રી સત્યનારણ ટ્રેડીંગ કંપની**

તા. ક:—આ શિવાય અમારે ત્યાંથી વિલાયતી દવાઓ તેમજ પરફ્યુમરી વિગેરે ઘણીજ કીફાયત ભાવે મળશે. બહાર ગામના ઓર્ડર પર પુરતુ ધ્યાન આપવામાં આવે છે.

વિરૂદ્ધ તો સરકાર પણ કરવા મ્હેના નથી તો ત્હમે તો શું જ કરી શકવાના છો ? " તેણીએ હીંમતથી કહ્યું. "

(જો કદાચ અત્યારે વધારે કહેવા જઇશ તો ખરેખર હું તેણીને ગુમાવી બેઠીશ. ત્હેના કરતાં તો ત્હેના મતને મળી જઇ હાલ તો આ વાત ઉડાવી મુકવી એજ સુલભ છે, વળી આગળ ઉપર સ્હમજાવી ફોસલાવી કામ કાઢી લઇશ તોજ ફાવી શકીશ. માટે હાલ તો તેણીની મરજી મુજબ હાયે હાજ કહે જવું એ ઠીક છે.) ત્હમે તો મશ્કરીને પણ ખરૂ માની બેસો એ શું સારૂ કે ? હું તો ત્હમારી સ્હેજ મશ્કરી કરૂં છું.

જો એમજ હતું તો આટલી બધી ટકાટકી મ્હારી સાથે શા માટે કરવી પડી ? નાહક મ્હારો જીવ દુખાવી ત્હમારા હાથમાં શું આવ્યું ?

હું થડીક ત્હમારી ગમ્મત કરતો હતો ત્હેમાં ત્હમે ખરૂ માની બેઠાં એ શું ત્હમને છાજતી વાત છે ?

ત્હમે એવા અઘટીત શબ્દો વાપરો એટલે પછી ખરૂ માનવાને શું હરકત આવે ? ત્હમારા અઘટીત શબ્દોથી મ્હારા હૃદયમાં હજી તીર સાલ્યા કરે છે તમો મ્હને ત્હમારા બુઢ્ઢા પણાના પતિ કરવા માગો એ શું દુન્યા માંહેલી યોગ્ય વાત માની શકાશે ? આવા અઘટીત ખ્યાલો એ શું ન્યાયયુક્ત મનાશે ? ક્યાં ત્હમે મરણને શરણ થયેલા બુઢ્ઢાજી અને ક્યાં હું સંસારના આનંદ મય સુખને ઇચ્છતી યુવતિ ! શું ત્હમારી અને મ્હારી સરખામણી બરોબર કહી શકાશે ? આવા અઘટીત ખ્યાલો ત્હમારે મશ્કરીમાં તો શું પરંતુ સ્વપ્ને પણ લાવવા ના જોઇએ. "યુવતીએ ટકોર મારતાં કહ્યું"

મ્હેં એક વખત ભુલથી મશ્કરીમાં કહ્યું એથી મ્હારા ઉપર આટલાં બધા ગુસ્સે થાઓ એ શું વ્યાજબી ગણાશે? થઇ ગયેલી ભુલ હવે કોઇ પણ ઇલાજે બંધ થઇ શકે તેમ નથી માટે એ વાત હવે પડતીજ મુકો. આખો દીવસ આજે તાપના ઉકળાટથી ગભરાઇ ગયાં છીએ અને વળી પાંચ વાગવા આવ્યા છે માટે પાલવા ઉપર ફરવા આવવા વિચાર હોયતો આસો વિક્ટોરિઆ જોડાવી મંગાવું. કહો શું વિચાર છે?

આ પ્રમાણે ફરવા જવાનું કહેવાથી યુવતીએ હા પાડી એટલે બુઢ્ઢાએ વિક્ટોરીઆ જોડી લાવવા બેયાને કહ્યું. એટલેવિક્ટોરીઆ આવી પોહોંચી એટલામાં તેઓ બંને કપડાં પેહેરી સજ્જ થઇ નીચે આવ્યાં ને વિક્ટોરીઆમાં બેશી પાલવા તરફ હંકારી ગયાં. થોડીકજ વારમાં તેઓ બંદર ઉપર આવી પોહોંચ્યાં પછી ગમાને આઠ વાગે વિક્ટો-રીઆ સાથે આવવાનું કહી પાછો વિદાય કર્યો.

વિક્ટોરીઆમાંથી ઉતરી પાલવા ઉપર તેઓ હવા ખાવા લાગ્યા એટલામાં ત્યાં યુરોપીઅન બેન્ડનો મધુર અવાજ યુવતીના કાને પડ્યો જેથી તેણીએ અંદર દાખલ થવા જીજ્ઞાસા જણાવી પરંતુ બેન્ડ સન્મુખ અજાણ્યાને જવા દેવામાં આવતા ન્હોતા જેથી એક ક્રોટપાસે ઉભા રહી આનંદથી બેન્ડ સાંભળવા લાગ્યા. થોડીકજ વારમાં બેન્ડ બંધ થયું એટલે યુવતી બંદર ઉપર આમથી તેમ ફરવા લાગી પરંતુ બુ-ઢ્ઢાથી ચાલી શકાતુ નહિં તેથી એક બાંકડા ઉપર ઓઠીંગુ દઇ હવા ખાવા બેઠો અને યુવતિતો આમથી તેમ સપાટા બંધ ફરવા લાગી ફરતાં ફરતાં જે વસ્તુ તેણીની નજરે પડતી તે તેણી આનંદથી ખરીદ કરતી. જે ખરીદ કરતી તે તેણી ડબલજ ખરીદ કરતી. નવા નવા

જો તમે ઘણા ઘણા ઇલાજો કરાવી નાઉમેદ થયા છો તો આ જરૂર વાંચો.

મુડદાંઓને જીવતા કરવાની દવા.

જે લોકો બચપણમાં નાદાનીથી પોતાના જીવનનો નાશ કરે છે એટલે, કુકર્મથી કમજોર થઇ જાય છે, પછે ખરેખરા વખતોપર આપઘાત કરવા જેવા ખોટા ખોટા વિચારો ઉપજાવે છે અને એમ જ સમજે છે કે આવા જીવવા કરતાં તો મરવુંજ બેહતર છે આવા જીવતા જીવ મુડદાઓને સજીવન કરવા માટે અમોએ ઘણી મહેનત અને કોશીષથી એક લેપ તૈયાર કર્યો છે જેની કીંમત, મહેનત અને ફાયદાના પ્રમાણમાં રૂ. ૨૫, રાખીએ તો પણ વાપરનાર તો સસ્તીજ સમજે પણ ગરીબ અને અમીર સરખો લાભ લઇ શકે તેટલાજ માટે ફક્ત રૂ. ૧) કીંમત રાખી છે ફક્ત એકજ શીશી વાપરવાથી તમામ અવયવો મજબુત થઇ જાય છે અને ગયેલી શક્તિ પાછી આવી મળે છે.

જેઓને હવે હકીમો અથવા ડોકટરોને પોતાની હાલત કહેતા શરમાવું પડે છે તેવા નારાશ થએલા દરદીઓને માટે અમોએ જાદુઇ ગોલીઓ તઇયાર કરી છે જેની ફક્ત એકજ શીશી જેમાં ૪૦) ચાલીસ ગોળીઓ છે તે વાપરવાથી સઘળી જાતના ગંભીર નુકશાનો દુર કરી પોતાનો જાદુઇ ચમત્કાર દેખાડે છે. આ ગોળીઓ શક્તિ વધારે છે. ભુખ લગાડે છે. યાદ શક્તીને તેજ કરે છે. ખોરાકને હજમ કરે છે પેટના કીડાઓને મારી નાખે છે. કમરના દુખાવાને મટાડે છે ચેહરાના ફીકા પડેલા રંગને ગુલાબી બનાવી દે છે. આ ગોળીમાં કોઇ પણ રસાયણ નાખી નથી. એના ચમત્કારોની વાપરવાથીજ ખાતરી થશે. એકવાર મંગાવો અને ખાતરી કરો. કીમત ફક્ત રૂ. ૧) પાંચ રૂપીઆની દવા ખરીદ કરનારને ગોલીની બે શીશી મફત મોકલવામાં આવશે. કાગળમાં ઠેકાણુ તથા સરનામું બરાબર ચોક્સ લખવું. લેપ તથા ગોળીઓને વાપરવાની રીત શીશાઓના સાથે છે. અમારે ત્યાં દરેક જાતની દવાઓ તૈયાર મળે છે.

મળવાનું ઠેકાણું—એમ ઇ. હકીમ. સીધપુર (ગુજરાત)

પીકચરો રૅશનેબલ પંખા તેમજ ખાવાનો મેવો વિગેરે પોતાની મરજી * મુજબજ ખરીદ કરતી. તેણી પૈસા વાપરવામાં જરી પણ કંજુસાઇ કરી શકતી નહિં તેમજ બુઢ્ઢો તેણીને રોકી શકતો પણ નહિં. કેમકે બુઢ્ઢાને તેણીની પાસેથી પોતાની ભ્રષ્ટ લગ્નની મનોકામના પુરી પાડવાની ખાસ ઉમેદ હતી તેથી એક પણ સ્વર તે તેણીને કદી બોલી શકતો નહિ. જેથી નાણું ખર્ચવા તેણી બીલકુલ ગભરાતી નહિ. તેમજ નવા જમાનાને તેણી સારૂં માન આપતી હતી. એટલે તેણીને પોતાનું કોઇ પીછાન વાળુ મળતુ તો સાહેબજી કરીનેજ બોલાવતી, અને ઓળખીતા પુરૂષોથી શેકહેન્ડ કરતી, અને તેમ કરતાં તે કપટ ગ્હીતજ કરતી. તેણીના હ્રદયમાં કદી પણ વ્યભીચારનો અંશ પ્રવેશ કરી શકતો નહિ તેમતેણી કોઇ અઘટીત કાર્ય કદી પણ પ્રમત્ત કરતી નહિં. બુઢ્ઢો આ તેની સાહેબજી અને શેકહેન્ડ કરવાની રીતને પ્રસન્ન કરતો ન્હોતો છતાં પણ શું કરે ? તેનાથી તેણીને કાંઇ પણ કહી શકાય તેમ ન્હોતું જેથી તેના આ રીવાજોને પોતાની મરજી વિરૂદ્ધ હોવા છતાં લાચારીએ માન આપવુંજ પડતું અને તેને આપ્યા વિના ચાલે તેમ પણ ન્હોતું જેથી તેણીની રીતને હંમેશાં માનજ આપતો. શું કરે ? પોતેજ તેણીને સ્કુલમાં મોકલી ભણાવી ગણાવી આ રીવાજોને તાબે કરી છે એટલે તે તેણીને તેમ નહિં કરતા કદી પણ કેમ રોકે ?

લગભગ અડધો એક કલાક ઘુમતી ફરી રહી હશે એટલામાં કીનારાપર એક સુન્દર મચ્છવો તેણીની નજરે પડયો જેથી બુઢ્ઢાપાસે મચ્છવા મારફત દરીયામાં હવા ખાવા જવા માગણી કરવા લાગી.

કાકા આજ મછવા મારફત હવા ખાવા જવા વિચાર થઇ આવ્યો છે જો તેમ બની શકશે તો તબીએતમાં ફેરફાર થઇ આનં-

દ મળશે કેમકે તાપના સબબે આજ આખો દીવસ બફાઇ ગઇ છું એટલે તેમ થવાથી જરા જીવને આરામ મળશે.

તેણીએ કાકા શબ્દ કહી તેને બોલાવવા માંડ્યો એટલે બુઢ્ઢો પોતાના હૃદયમાં અત્યંત બળી જતો કેમકે તે શબ્દ તેની ઉમેદની વિરૂદ્ધજ હતો છતાં પણ તેણીના ઉપર ગુસ્સે થવા છતાં કાંઇ પણ બોલી શકતો નહિ.

(વિચાર કરીને) ફરવા જવાને તો કાંઇ હરકત નથી પરંતુ રાત્રી પડવા આવી છે જેથી આપણને હરકત પડશે તેના કરતાં બીજી વખત જઇએ તો કેમ ? " બુઢ્ઢાએ વિચાર માંડી વાળવા જણાવ્યું. "

ના ? આજજ જવું જોઇશે આજ જરી વધારે ઉકળાટ લાગે છે અને તેથીજ આજ મ્હારૂ મન તે તરફ દોરે છે, રાત્રી પડશે તો પણ હરકત નથી કેમકે રાત્રી અજવાળી છે એટલે એથી તો આપણને તે વિશેષ આનંદમય થઇ પડશે માટે જલદી જવાય તો સારૂ. " યુવતીએ બંધ બેસતુ કહ્યું. "

વારૂ ! ત્યારે આજ જઇએ હું મચ્છવાવાળાને પુછી જોઉં તે લઇ જવા કબુલ કરેતો કાંઇ હરકત નથી. (મચ્છવા વાળાને) અરે ખલાસીઓ આમ આવો તમો હાલ મચ્છવામાં બેસાડી ગોર સરકલ ફેરવી લાવશો અને તેનો ચાર્જ શુ લેશો ?

હાજી અમારો તો તે ધંધોજ છે. તેના આપને ત્રણ રૂપિઆ આપવા પડશે જો ખુશી હોય તો વ્હેલા થાઓ કેમકે રાત પડવા આવી છે પછી તમને હરકત થાય તો અમને બદનામી મળે.

શું હરકત થવાની છે ? ચંદ્રણીની રાતમાં હરકત શાની ? હું

૨૫૮૯

ખલાસીનો ધંધો કરે છે કે મશ્કરી કરે છે? શું અજવાળી રાતમ ફરવા નહિં જઇ શકાતું હોય? "યુવતી વચમાંજ બોલી ઉઠી."

રાત્રે ફરવા જવાને હરકત તો નથી પરંતુ દીવસ હોય તો ઘણું સારૂ, પરંતુ અમો એવા હુંશીઆર છીએ કે અમારો જીવ જતાં સુધી એક પાઇ સરખીનું ત્હમને નુકશાન આવવા દઇશુ નહિ.

ત્યારે શું જુઓ છો કરી મચ્છવો તૈયાર ને લાવો કીનારા ઉપર ત્હમારા ત્રણ રૂપિઆ અમારે કબુલ છે પરંતુ અમને બીલકુલ નુકશાન આવવું જોઇએ નહિ.

મા બાપ તમો કેમ ગભરાઓ છો? અમો દરીઆના કીડા છીએ ત્હમને હરકત આવે એ સ્વપ્ને પણ ન લાવતા.

એટલું કહી મચ્છવાવાળો પોતાનો મચ્છવો કીનારા ઉપર લાવ્યો એટલે યુવતી બોલી તમો અમને કેવી રીતે મચ્છવામાં બેસાડી શકશો? અમો ચાલીને આવીએ તો અમારા પગ ભીંજાઇ જાય માટે તમો ઉચકીને બેસાડો તોજ અમારાથી ફરવા જવાને બની શકે.

ખુન ઉચકીને બેસાડીશું અમારા ધંધામાં અમે કાબેલજ છીએ તેની તમારે ચીંતા રાખવી નહી એ બધી ફીકર અમનેજ છે.

મરદને તો તમો ઉચકીને બેસાડી શકશો પરંતુ અમો ઓરતને કોઇ ઓરત બેસાડનાર છે કે નહી?

અરે ખુન તમે કેમ આટલા બધા અધીરા થાઓ છો અમે તમને સાચવીને બેસાડીશું એક જરા પણ હરકત આવવા દઇશું નહી. લ્યો હવે જલદી તૈયાર થાઓ વખત વીતી જાયછે.

તૈયાર થવાને કાંઇ વિલંબ નથી. પરંતુ અંદર કોઇપણ રીતની

ગરબડ જોઈએ નહી. " યુવતીએ મછવામાં બીજાને નહિં દાખલ કરવા જણાવ્યું. "

માબાપ મછવામાં જગ્યા હોય અને બીજાને બેસાડી અમો ગરીબ માણસ બે પૈસા પેદા કરીયે તેમાં તમને કાંઇ હરકત છે?

નહી! એવી ગરબડ અમોને પસંદ નથી. જો તમારી મરજી ના હોય તો અમારે તમારા મછવામાં બેસવાની કાંઇ જરૂર નથી "યુવતીએ ચોખ્ખું કહ્યું"

ભલે બાઇ સાબ તમારો મરજી એમજ છે તો અમો બીજા કોઇને નહી બેસાડીયે. કહો હવે કાંઇ હરકત છે?

ના, અમો એકલાને બેસાડશો તો કાંઇ હરકત નથી. "તેણીએ કહ્યું."

આ પ્રમાણે વાતચીત કરી યુવતી અને ડોસો મછવામાં બેસવા તૈયાર થયાં એટલે એ ખારવાઓએ બને હાથ મેળવી ડોસાને પ્રથમ બેસાડયો અને પાછળથી યુવતીને એ પ્રમાણે યુક્તિથી બેસાડવામાં આવી. એટલામાં શુકનમાંજ યુવતીની આંખના અમુલ્ય ચસમો દરીઆના કાળા દવ જેવા પાણીમાં સરી પડયો. એથી ડોસો રીસ ચડાવી બોલ્યો તમે લોકો કેવા બેવકુફ છો? તમોને પહેલેથીજ જણાવ્યું હતું કે તમો જંગલી લોકો મ્હને નુકસાન આપ્યા શિવાય રહેવાનાજ નથી અને તે ખરેખર તમે તેમજ કર્યું. પહેલેથીજ અપશુકન કર્યા છે તો હજી આગળ ઉપર કોણ જાણે તમો શું કરી નાંખશો તેની મ્હને કાંઇ સમજ પડતી નથી.

એમાં તમો વ્હેમ શાંનો લાવો છો? અપશુકન શાંના? એવા વ્હેમ હમેશાં જો રાખશો તો દુન્યામાં ડગલે ડગલે. વાતે વાતે અને શબ્દે શબ્દે અપશુકન નડશે માટે અપશુકન તો નહિં કહી સકાય

પણ ખુલ્લી રીતે ચાલીસ રૂપિઆનું નુકશાન થયું છે તે તો મ્હારે વિના તકરારે કબુલજ કરવું પડશે. "વ્હેન રડાવવા યુવની બોલી"

બાઈ સાહેબ તમે જરી પણ ગભરાતાના હું પાણીની અંદર પેશી થોડીકજ વારમાં ત્હમારી આંખ શોધી આપુ છું. કદાચ મ્હારો જીવ જશે તો બ્હેતર છે પરંતુ ત્હમારી આંખ તો મ્હારે શોધી આપવીજ જોઇએ. "એક હિમ્મતવાન ખલાશીએ કહ્યુ".

આ પ્રમાણે એક હિમ્મતવાન ખલાસી બોલી જે જગોએ ચશ્મો પડી ગયો હતો તેજ જગોએ પાણીમાં ડુબકી મારી છેક બોય તલીએ જઇ માત્ર એકજ મિનિટમાં ચશ્મો લઇ ઉપર આવી યુવતિના હસ્તમાં મુકી દીધો અને સાબાશી મળવાના વિચારે સ્વાસ ભેર બોલ્યો.

લ્યો બ્હેન તમારી આંખ હવે ખુશી થયા? બ્હેન જ્યાં સુધી અમારૂ ચાલી શકતુ હોય ત્યાં સુધી તો અમે તમોને જરી પણ નુકશાનમાં ઉતરવા દઇએ નહિં.

અરે ભલા ખલાસી! આવી રીતે ચાલીશ રૂપિઆ જેવી જુજ રકમ સારૂ વાત કરતામાં ત્હેં તો ત્હારો જાહાન પણ પ્યારો કર્યો નહિં. ધન્ય છે ત્હમારા જેવા ખલાશીને! પણ જો કદાચ આ ચશ્મો મ્હને પાછો મળી આવ્યો ન હોત તો અત્યારે મ્હા મુશીબત ભોગવવી પડત કેમકે તે ચશ્મો ખાસ વિલાયતથી મેં મ્હારી આંખના બરોબર માપનો છે જે આ પળે મ્હને મળ્યો છે એ મ્હારૂ ઘણુંજ ભારે કામ કર્યું છે માટે લે તેની મ્હેનતનુ ઇનામ એમ કહી યુવતીએ એક રૂપિઓ તે ખલાસીના હાથમાં આપ્યો.

ખલાસીઓએ તુરતજ વ્હાણ હંકારવા માંડ્યું એકાદ માઇલ તો.

પુરા પોહોંચ્યા નહોતા એટલામાં તો એક પવનનું ઝાપટુ જાણે રીસ કરી આ મચ્છવાને નુકશાન કરવાના ઇરાદે આવ્યુ હોય નહિં ! તેમ આવી આ બુઢ્ઢાની પારસી સદી ઘાટની પાઘડી દરીઆમાં ફેંકી આગળ વધ્યું.

આ બનાવ જોઇ એક બાજુએ ખલાસી તુરતજ ચાલતા મચ્છ-વામાંથી પાણીમાં કુદી પડયો. આ ખલાસી પાણીમાં વિના વિચારે કુદી પડયો હતો તેનું કારણ એજ કે પેહેલી વખત યુવતીએ એક રૂપિઓ બીજા ખલાસીને ઇનામનો આપ્યો હતો તેથી આ ખલા-સીને એમ વિચાર આવ્યો કે આ વખતે બુઢ્ઢો પણ કાંઇ નહિ ને કાંઇ ઇનામ આપશેજ એમ હતું. પરંતુ બુઢ્ઢાએ તો એથી ઉલટુંજ કર્યું અને પાઘડીનું ખોખુ લાવી આપવા છતાં પાણીમાંથી લાવી આપ-નાર ખલાસીને એક તમાચો એવો તો જોસ ભેર માર્યો કે ખલાસી પાચ મીનીટ તો બોલી પણ શકયો નહિ.

એરકુફા એક વખત ઇનામ આપ્યું એટલે હર વખતે ઇનામની આશાએ અમને આવા નુકશાનમાં નાંખો છો ? "આ શબ્દો બુઢ્ઢાએ તમાચો મારતી વખતે ખારવાને કહ્યા "

બુઢ્ઢાએ આવુ અઘટીત કાર્ય કર્યું હતુ છતાં યુવતી તો ખાર-વાના આવા સાહસના હૃદયમાં વખાણજ કરતી હતી.

આહાહાહા ! હઠીલા ખલાસીઓ ગમે તેવી હલકી વસ્તુ દરી-આના પાણીમાં ગેબ થઇ હોય તો પણ જાહાંનનાં જોખમે પાછી લાવી આપવા ડરખાતા નથી, અને હંમેશાં કેવા નિમક હલાલીથી વર્તે છે ! છતાં આ બુઢ્ઢા કાકાએતો ઉલટા ગુણના ભાઇ હોય જેવું કર્યું ઇનામતો આપવાનું બાજુ પર રહ્યું પરંતુ ગરીબ ખલાસીને તમાચોજ ન માર્યો હોત તો તેઓ બિચારા ઉપકાર માનત કહેવતમાં કહ્યું છે કે **કપાળે કપાળે જુદી મતિ તે આનુંજ નામ કહી શકવાને હરકત**

નથી. એમ વિચારી આ ખલાસીને પણ ચાર આનાના પૈસા આપી યુવતીએ ખુશી કર્યાં.

તમાચો માર્યો હતો છતાં પણ પ્રમાણીક ખલાશીના હૃદયમાં હર્શની કિંન્ચીત પણ અસર તેઓની મુખ મુદ્રા ઉપર માલુમ પડતી નહોતી. યુવતિએ તેઓના આવા જાહાંનના જોખમ ભર્યા કાર્ય ઉપર નજર કરી ચાર આના ડોસાની મરજી વિરૂદ્ધ થઇ સનામના આપ્યા છતાં પણ આ ડોસાથી તેણીને એક પણ શબ્દ ઠપકાનો કહી શકાનો 'નહિં', પરંતુ એથી ઉલટો પોતેજ શરમીંન્દો પડી ગયો.

મચ્છવો દરીઆના પાણીપર સણુસણાટ ચાલ્યો જતો હતો અને હવા દરેક માણસના હૃદયને રૂચતી હતી જેથી યુવતિ મચ્છવાની મુસાફરીથી આશ્ચર્ય પામી વખાણ કરવા લાગી.

સ્હેજ દરીઆમાં ફરવા આવ્યાં છીએ છતાં આટલો બધો આનંદ ઉપજે છે તો લાંબી મુસાફરી દરીઆ મારગે કરી હોય તો કેવો આનંદ મળે? મચ્છવામાં સ્હેજ દેહેશતનું કારણ રહે છે પરંતુ તેની સાથે બેવડી આનંદ પણ તેવોજ મળે છે.

આ પ્રમાણે યુવતી વિચાર કરતી હતી એટલામાં તો ખલાશીઓએ તેઓને ગોર સરફલ ફેરવી પાછા તેજ કીનારા નજદીક મચ્છવો લાવી મુક્યો. આ વખતે આસરે સાડાસાત વાગ્યાનો સમય હતો જેથી રાત્રી પડી ગઇ હતી અને વ્હાંણુ કીનારા ઉપર આવી ઉભું રહ્યું એટલે પેહેલાં ડોસાને ઝાળવીને તેઓએ બ્હાર કાઢયો પરંતુ યુવતીએ તો હિમ્મત આણી પોતાની મેળેજ બ્હાર નીકળવા જણાવ્યું જેથી ખલાશીઓ બીજા ગ્રાહકોની તજવીજમાં ગુંથાયા અને યુવતિ મચ્છવામાંથી બ્હાર નીકળવા લાગી. પરંતુ દૈવ ઇચ્છા બળવાન હોવાથી

તેણીનો પગ પોતાનાજ સાડલામાં ભરાઇ ગયો જેથી તેણી દરીયાના કાળાદવ જેવા પાણીને ભોગ થઇ પડી.

તુરતજ પાલવાપર ફરનાર એક યુવકની નજર આ બનાવ ઉપર પડી જેથી તે યુવક હિમ્મત રાખી જાણે તેણીને ઓળખતો હોય નહિં ! તેવા સાનથી તે પાણીમાં કુદી પડયો. તમામ જોનાને જોતા જ રહ્યાને તુરતજ તે તેણીને કીનારાપર સહિ સલામત લાવી શકયો અને તેણીની આસના વાસના કરી શુદ્ધામાં આણી જેથી થોડીકજ પળમાં તેણે મ્હોમાંથી જવાબ આપ્યો. તમે મ્હને બચાવનાર કોણ ઉપકારી છો ?

હું બચાવનાર પાલવાબંદરપર હવા ખાનાર એક પરોપકારી મુસાફર છું " યુવકેપ્રત્યુતર આપ્યો. "

આ બનાવ તેણીને લઇ પાલવા ઉપર આવનાર બુઢ્ઢાના જાણુ-વામાં આવ્યો એટલે તે પણ વિનય પુર્વક આ યુવકનો ઉપકાર માનવા લાગ્યો.

તમોએ તેણીને પાણીમાંથી મરતાં બચાવ્યા છે જેથી આપનો હું ઘણા પ્રેમ સહિત ઉપકાર માનુ છુ.

એમાં ઉપકાર શાનો ? મેં ઉપકાર જેવુ કાંઇજ મહત્વનું કાર્ય કર્યું કથી કેમકે હું પાણીમાં સારી રીતે તરવાનુ કામ જાણુ છું અને તેથીજ તેણીને હું સહિસલામત બ્હાર કાઢી શકયો છું." યુવકે નમ-નતાઇ રીતે જણાવ્યું "

(જીવ કોરાણે મુકીને મ્હા મુશીબત ભર્યું કાર્ય કર્યા છતાં જરી પણ મ્હોટાઇ ધરાવતા નથી તેમ મુદ્દલ અભિમાન રાખતા નથી.)

વાહ ! મરણને શરણ થવાનુ કબુલ કરી મ્હને બચાવી છે છતાં આપ

છેક આમજ બોલો એ ત્હમારી કેટલી બધી ગંભીરતા. "યુવતિ વચ-માંજ બોલી ઉઠી."

એમા કાંઇ પણ મ્હને આભારી બનાવવા જેવું કાર્ય નથી, જે કર્યું છે તે મ્હારી એ તરવાની ક્રીયના પ્રીબળેજ આ (પોતાની છાતી ઉપર હાથ મુકીને) દયાની ખાતરજ કર્યું છે. એમાં મ્હને આભારી ગણવો એ ખરેખર વ્યર્થજ ગણાશે.

ખરેખર આપેજ મ્હને બચાવી છે કદાચ આ જગોએ આપ ન હોત તો હું મરણને શરણ જરૂર થતે એમાં કાંઇ પણ શક નહોતો. "યુવતીએ ઉપકાર માન્યો."

શું મધુર વાણી ! કેવો ગુલાબી ચહેરો ! આહાહાહા ! ઇશ્વરે સ્વરૂપ તો આ રંભાનેજ આપ્યું છે. અત્યાર સુધીમાં માત્ર તેણીની સાથે મ્હારે એકજ વખત મુલાકાત થઇ હતી, અને આજ બીજી વખત તેણીને હું મ્હારા હાથનો સ્પર્શ કરી પાણીમાંથી સહિસલામત બચાવવા ભાગ્યશાળી નીવડયો છુ. પણ તે મ્હને પીછાનીને ન્હાતી હશે તેમતો નહિં બન્યું હોય ? જેમ બન્યું હોય તેમ ખરૂ પણ એટલું તો ચોક્કસ છે કે જેને માટે હૃદયમાં ઉમેદ હતી તેની સાથે છુટથી વાત કરવાનો વ્હેવાર ચાલુ થયો, જો આ પોષાકથી તે મ્હને વિસરીજ ગયાં હોય તો થોડી ઓળખાણ થાય ત્યાં સુધી મર્મમાંજ વાત ચાલુ રાખવી અને પરીક્ષા પણ પુર્ણ પણેજ કરે જવી એજ ચોક્કસ ઉપાય છે.) તમો ખરેખર એક ભલાં સ્ત્રી છો ! જેમ વિદ્યા હુન્નર કળા શીખ્યા પછી કટાવી નાખવા કરતાં સ્પષ્ટ પણે તેનો ઉપયોગ કરવો એજ મનુષ્યનું પ્રથમ કર્તવ્ય છે. મ્હને તરવાની ક્રીયા આવડે છે છતાં આ રીતે મરતા માણસને ન બચાવી શક્યો હોતતો કોણ જાણી શકત ? અને ડુબી રહેલી [illegible] આ ઉપયોગમાં આવી [illegible] તે તમેજ ખ્યાલ કરો ?

(આ યુવકને મ્હેં વણીકના કપડાવાળા એક વખત દર્શન વ- ખતે મંદીરમાં જોયા હતા અને જ્યારે જોયા હતા ત્યારે આ આનંદ મય ઉભેલા **પ્રેમ પીંજરે** મ્હારા પ્રેમને પોતાના હૃદય પીંજરમાં પુર્યો છે, અને હું ધારૂં છું કદાચ મ્હને છેતરી ભુલ થાપ ખવડાવવા તો આ સ્વાંગ ધરી અહિં મ્હારા આવવાના સમાચાર જાણી આવ્યા નો નહિ હોય ! ભલે મુસલમાની વેષ હોય ! પરંતુ મ્હેં ત્હેમને ચોક્કસ રીતે હિંદુ છે એમ જોયા છે. મ્હારો ત્હેમનાપર જેવો પ્રેમ અગાધ છે તેવો પ્રેમ ત્હેમનો પણ કેમ મ્હારા પ્રત્યે નહિ હોય ? હોવોજ જોઇએ. અને તેથી કરી તે મ્હારી પરીક્ષા માટે છેતરવા આવ્યા હોય તો તેમાં કાંઇ નવાઇ જેવું કહી શ- કાશે નહિં. ગમે તેમ હોય પણ તેજ મ્હારા **પ્રેમ પીંજર** છે એ **મનોમન સાક્ષી** છે એ કાંઇ ખોટું હોય એમ કહી શકાશે નહિં. મ્હારો પ્રેમ અગાધ છે તો તે મ્હારી સ્હામેજ ઉભેલા અત્યારે હું જોઇ શકું છું. આ પ્રેમી ભરથાર સાથે આ બુઢ્ઢાના હાથેજ લગ્ન કરાવું તોજ આ હૃદય શાન્ત થશે અને મ્હેં તેમ કરવા તેમને પ્રથમથીજ જણાવ્યું છે. એટલે તેને તેમ કરવુંજ પડશે. ઓહો ! સાચા પ્રેમ આગળ તો પરમાત્મા પણ હાજર છે. મ્હને આ બુઢ્ઢાની જીવલેણ જાળમાંથી મુક્ત કરી મ્હારા પ્યારા પીંજરમાં વ્હાલા પ્રેમ સાથે હંમેશાંને માટે રાખવા શ્રીજગદીશ્વર ક્યારે કૃપા કરશે મ્હારા સાચા પ્રેમની ખાતર જરૂર પરમાત્મા સ્હાય થશેજ. મ્હને એ મ્હારા પ્રિય પ્રભુની ખાત્રી છે. અને એથીજ આ ઉત્તમ તાકડો બની આવ્યો છે એ શું મ્હારા સાચા પ્રેમનું ચિન્હ નહિં કહી શકાય ? હું પૂર્ણપણે ભાગ્યવાન છું એવું આજથી માનું તો શું ખોટું કહેવાશે ? મ્હારા પ્રિય પ્રેમને બાંધ્યાની જાળમાં જેમ

ભાઇબાને ગળામાં શુળી ભરાય છે તેવીજ શુળી સહન કરવા હવે વધારે વખત સુધી આ કપટી બુઢીઆ પાસે રહેવાનું પરમાત્મા છોડાવવા તૈયાર થયા છે અને તેથીજ મ્હારા આનંદનો સાગર હું આ પ્રસંગે પ્રફુલ્લીત વહને જોઉં છું.)

આ પ્રમાણે યુવતીએ તર્ક વિતર્ક કરી નિચેના ઉદ્દગારો પ્રેમના આવેશમાં બ્હાર કાઢ્યા.

પ્રેમ અરે ! ઓ પ્રેમ ! પ્યારા તું પડયો ! ક્યાં પાંજરે !
તું સ્હેલનો ! કરનાર તે છે ! બંધન ! નું ક્યાં અરે ! !
કંઇ પ્રેમ તો ! પ્રેમાળ થઇ ! હસતો ફરે છે ! જ્યાંયરે !
ત્યારે તું ! બંધન કેમ છે ! જોઇ બળું છું ! આજરે ! !
શું ત્હેં ગુન્હો ! કેનો કર્યો છે ! બોલ્ય વિરા ! લાલરે !
તુજ દુઃખ જોઇ ! દાઝું છું ! નહિં ચેન તુજને ! ક્યરે ! !
વિરાજજે ! માતા પિતાના ! પ્રેમના ! સાથી ખરે !
વળી રાખજે ! ભ્રાતા ભગીની ! ના પરે ! પ્રેમજ ખરે ! !
વિશુદ્ધ તું ! વર્તિશ ના ! ખરે સત્ય ને તું ! ધારજે !
નિતિ ને તું ! છોડીશ ના ! એ મન ખુંદું ! વારજે ! !
વળી યોગ્ય ! પગલુ આદરી ! આ જગતને તું ! તારજે !
સત્યને સદા ! આગળ કરી ! અરીને સદા તું ખાળજે ! !

પ્રભુ નામને ! સંભાળવા તું ! સાથ રહેજે ! સાચવી !
